R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 32 DATE: 08-08-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ભારે વરસાદને કારણે ઉત્તર ગુજરાતમાં ૧ લાખ પશુઓના મોત

તાજેતરમાં ગુજરાતમાં થયેલ ભારે વરસાદને કારણે ઉત્તર ગુજરાતમાં ભારે તારાજી થઈ હતી.જેમાં એક લાખથી વધુ પશુઓના મોત નિપજયા હતા.પરિણામે દુધના ઉત્પાદનમાં ભારે ફટકો પડ્યો હતો.બનાસ ડેરીને દુધ પુરુ પાડતાં તેના સભ્યોના પશુઓના મોટા પ્રમાણમાં મોત નિપજયા છે.તેના દુધના ઉત્પાદનમાં ભારે ફટકો પડ્યો છે.ડેરીના સુત્રોના જણાવ્યા પ્રમાણે અંદાજે એક જ વર્ષમાં ૮૨૧ કરોડના દુધની આવક ઘટી જશે.ડેરીના સુત્રોએ જણાવ્યુ હતું કે રાજ્ય સરકારે ડીપ ડીપ્રેશનના કારણે ભારે વરસાદની આગાહી કરી નહોતી પરીણામે મોટા પ્રમાણમાં પશુધન ગુમાવવું પડ્યું છે.

દુધ આપતાં પશુઓના મોતને કારણે રોજનું રુ. ૨.૨૫ કરોડનું દુધ ગુમાવવું પડશે.પશુઓની સરેરાશ વય પ્રમાણે ગણવામાં આવે તો તે ૧૦ વર્ષનું દુધ ગુમાવવું પડશે.આ ખોટ કોઈ રીતે ભરપાઈ થઈ શકે તેમ નથી.

ગુજરાત સરકાર પશુ પાલકોને સહાય પહોચાડવામાં સદંતર નિષ્ફળ ગઈ છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે.ચારો પલળી ગયો હોવાથી પશુઓને ખાવાનું કેઈ બચ્યું નથી.બનાસ ડેરી દ્વારા પુરા પાડવામાં આવતાં ખાણદાણ ૫૦ ટકાની સહાય સાથે આપવા જોઈએ તેવી માંગણી પણ કરવામાં આવી હતી.

## પાટીદારોને અનામત આપવા માટે શરુ થયેલ આંદોલન વેગ પકડી રહ્યું છે

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે પાટીદારોની વિશાળ મૌન રેલી નીકળી હતી. આ ઉપરાંત સાબરકાંઠાના હિંમતનગરમાં પણ મોટો વર્ગ અનામતની માંગ સાથે રસ્તા પર ઉમટી આવ્યો હતો.આમ આંદોલની જ્વાળાઓ સમગ્ર રાજ્યને ભરડામાં લઈ રહી છે.જો કે રેલીઓ શાંતિપુર્ણ માહોલમાં સમાપ્ત થઈ હતી.પાટીદારો સમાજને એસસીબીસી અને ઓબીસીમાં સમાવેશ કરવાની માંગ કરી રહ્યા છે.રેલીમાં થયેલા સંબોધનોમાં તેમના આગેવાનો તરફથી જણાવાયું હતું કે પાટીદારો કોઈપણ ભોગે અનામત મેળવીને જ ઝંપશે.તેઓએ મુખ્યમંત્રી અને કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે જણાવ્યું હતું કે અનામત નહીં મળે ત્યાં સુધી જંપીશું નહિ.હવે તેઓ અમદાવાદમાં પણ રેલીનું આયોજન કરનાર છે.

## કોગ્રેસ અધ્યક્ષાનો રણ ટંકાર : મંત્રીઓના રાજીનામાં નહી તો સંસદ ઠપ

સરકાર મળેલી બહુમતીનો જવાબદારીને સ્થાન ઘમંડ તરીકે ઉપયોગ કરી રહી છે.સજ્જડ પુરાવા છતાં સરકાર પગલાં લેવા માંગતી નથી.ગઈ કાલ સુધી સંસદને ખોરવી નાંખનારાઓ હવે સંસદમાં ચર્ચાના હિમાયતી બની ગયા છે.ભાજપ વિપક્ષમાં હતો ત્યારે સંસદની કાર્યવાહી ખોરવી નાંખતો હતો અને હવે અમારે તેમની પાસેથી ભાષણો સાંભળવાના છે.અમો ભાજપ સરકારના જડ વલણ સામે લડત આપીશું.



## લોકશાહીના ઈતિહાસમાં કાળો દિવસ,કોગ્રેસના ૨૫ સાંસદો પાચ દિવસ માટે સસ્પેન્ડ

લલિત ગેટ,વ્યાપમં કૌભાંડમાં ઘેરાયેલા ભાજપના વિદેશ મંત્રી અને બે રાજયોના મુખ્યમંત્રીઓના રાજીનામાના મુદ્દે સંસદમાં ચાલી રહેલા ઘમસાણને લીધે લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને ગૃહમાં ધાંધલ અને ધમાલ કરી રહેલા કોગ્રેસના ૨૫ સાંસદોને પાંચ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા હતા.

સંસદના બંને ગૃહોમાં કાર્યવાહીના પ્રારંભ સાથે કોગ્રેસ સહિતના વિપક્ષોએ કૌભાંડોમાં સંડોવાયેલા ભાજપના મંત્રીઓના રાજીનામાની માંગ સાથે હંગામો મચાવી દીધો હતો.લોકસભા અને રાજયસભા વારંવાર સ્થગિત કરવી પડી હતી.લોકસભામાં પણ કોગ્રેસના સાંસદોએ ભ્રષ્ટાચારી પ્રધાનો રાજીનામાં આપે તેવા પ્લે કાર્ડ અને કાળી પટ્ટીઓ પહેરીને દેખાવો કર્યા હતા.જેને પગલે સ્પીકરે ગૃહની કાર્યવાહીમાં અડચણ કરવા બદલ સંસદના નિયમ ૩૭૪ એ અન્યવે પગલાં લીધા હતા.

સસ્પેન્ડ કરાયેલ સાંસદો ગૃહની પાંચ બેઠકોમાં હાજરી આપી શકશે નહી.લોકસભામાં કોગ્રેસના ૪૪ સાંસદો છે.૨૫ સાસદો સસ્પેન્ડ થતાં હવે ગૃહમાં કોગ્રેસના સાંસદો ૧૯ રહેશે.

સ્પીકરના આ નિર્ણયનો વિરોધ કરતાં કોગ્રેસના પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે આજનો દિવસ લોકશાહીના ઈતિહાસમાં કાળો દિવસ ગણાશે.તેમણે કહ્યું હતું કે મોદીની સરકાર હવે ગુજરાતમાં જે પધ્ધતિ અખત્યાર કરી હતી તેને કેન્દ્રમાં અમલી બનાવી રહી છે.

આઠ વિપક્ષોએ સંસદનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો હતો.એનસીપીએ સાંસદોના સસ્પેન્સનને સરમુખ્યત્યારશાહી ગણાવી હતી.આપ અને તુણમુલ કોગ્રેસ પણ બહિષ્કારમાં જોડાશે.

લોકસભાના સાંસદો બંદોપાધ્યાય અને કરુણાકરણે સ્પીકરને આકરાં પગલાં ન લેવા વિનંતી કરી હતી. કરુણાકરને જણાવ્યું હતું કે ભાજપ જયારે વિપક્ષમાં હતો ત્યારે એક મહિના સુધી સંસદની કાર્યવાહી ચાલવા દીધી નહોતી.ત્યારેઆવા આકરાં પગલાં લેવાયા નહોતા.

સંસદમાં ચાલી રહેલા ગતિવિધિનો ઉકેલ લાવવા માટે સરકાર તરફથી બોલાવાયેલી સર્વપક્ષીય બેઠકમાં કોગ્રેસ અને સરકારે લલિત ગેટ તથા વ્યાપમં મુદ્દે પોતાનું વલણ જાળવી રાખતાં મંત્રણાઓ નિષ્ફળ ગઈ હતી.જ્યારે સરકારે રાજીનામા માટે ધરાર ઈન્કાર કર્યો હતો. આમ મડાગાંઠ ઉકેલાઈ નહોતી.

જો કે જમીન સંપાદન કાયદામાં સુધારાઓ લાવવા માટે સરકાર સંમત થઈ છે.સરકારને ગમે તેમ કરીને પોતાની સિધ્ધિ બતાવવા માટે આ જમીન સંપાદન કાયદો પસાર કરાવવો છે તેથી તે નમતુ જોખવા તૈયાર થઈ ગઈ છે.

ડિસેમ્બરમાં ભાજપ સરકાર દ્વારા જારી કરાયેલ વટ હુકમમાં સામેલ કરાયેલી વિવાદાસ્પદ જોગવાઈઓ પડતી મુકવા સરકાર સંમત થઈ છે.સંસદની સંયુક્ત સમિતિમાં ભાજપના તમામ ૧૧ સાંસદો જમીન માલિકોની સંમતિ અને સામાજિક અસરની સમીક્ષા અંગેની જોગવાઈઓ પરત લાવવા સંમત થયા છે.સમિતિ સાતમી ઓગષ્ટે આ અંગેનો અહેવાલ રજુ કરવાની હતી.કોગ્રેસે જણાવ્યુ હતું કે સુધારેલો કાયદો અમારા જમીનસંપાદન કાયદા જેવો બની જશે.

હવે લાગે છે કે જમીન સંપાદન કાયદામાં ફેરફારો થતાં સરકારની મુરદા બર આવે. અને સંસદ અને રાજયસભામાં તે પસાર થઈ શે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**સંસદ બની સમરાગણ : સત્તાધારી પક્ષ અને વિપક્ષો વચ્ચે ગજગ્રાહ જારી, કેન્દ્ર સરકાર ગુજરાત મોડલ બનાવી રહી છે.સ્પીકરના નિર્ણયથી વિપક્ષો નારાજ.વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સંસદનો બહિષ્કાર કરશે.**

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

## ગરવી નવક્રાંતિ

ચારે તરફ કૌભાંડો ખુલી રહ્યા છે. માત્ર યુપીએ સરકાર જ કૌભાંડો કરી રહી હતી તેવું હંમેશા મોટે મોટેથી જોર શોરથી બોલનારાઓના મો આજકાલ બંધ થઇ ગયા છે.કારણકે હવે તેમના જ કૌભાંડો ખુલી રહ્યા છે અને તેનો જવાબ આપવો ભારે પડી રહ્યો છે.આજકાલ બહાર પડી રહેલા કૌભાંડો પુરાવાઓની સાથે છે તેમાં ઝાઝી તપાસની જરુર રહેતી નથી. પરંતુ તેને સ્વીકારવાની તૈયારી નથી.જો કૌભાડો સ્વીકારી લેવાય તો સપના રોળાઇ જાય તેવો ઘાટ થાય તેમ છે. છપ્પની છાતીવાળાઓને હવે આતંકીઓ છડેચોક ધમકાવી રહ્યા છે ત્યારે તેમની જબાનને તાળા લાગી ગયા છે.લોકસભાની ચુંટણીઓમાં માત્ર ચપટી વગાડીને પરદેશની ધરતી પર બાદશાહી ભોગવી રહેલા ગુનેગારોને પકડીને લટકાવી દેવાની મોટી મોટી વાતો કરનારાઓને આજે એજ ટપોરીઓની વાતો ભારે પડી રહી છે.

કદાચ એવો સમય પણ આવે કે લોકોને એવુ લાગે કે આપણે ભુલ કરી છે.આના કરતાં તો પેલા સારા એવી માન્યતા ઉભી ના થાય તે માટે આ લોકોએ પુરતા પ્રયત્નો કરવા પડશે. સત્ય બતાવનારાઓને વીણી વીણીને પતાવી દેવાનો ખેલ આખરે મોઘો પુરવાર થશે. વ્યાપમં કૌભાંડના જેટલા સાક્ષીઓના અકાળે મોત શું સુચવે છે.એક ઢોંગી સાધુ તેના વિરુધ સાક્ષી આપનારાઓને ગમે ત્યારે ગમે ત્યાં પતાવી દે, અને છતાંય કાયદો મુંગો બનીને જોતો રહે. આ ગુનેગારો માટે રાત્રે કોર્ટો કેમ ખુલતી નથી. શું હવે કાયદો અને બંધારણના નાગરિક સ્વાતંત્રતા માત્ર પોથીમાં જ પોઢી જવાના છે કે શું ?

અનુ. પાન નં. ૪ નુ ચાલુ

છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઇએ. બીજા પર છવાઇ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઇ જાય છે. પકડાઇ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઇનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકિટ અપવાની વાત કરી હતી પરંતુ આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઇને ધસી જઇએ તો કોઇને કોઇ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઇ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઇ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઇના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

## મુંબઇ બ્લાસ્ટમાં આરોપી મનાતા યાકુબ મેમણને આખરે ફાંસી અપાઇ



મુંબઇમાં ૧૨ માર્ચ,૧૯૯૩માં થયેલા શ્રેણીબધ્ધ બૉંબ ધડાકામાં દોષિત ઠરેલ યાકુબ અબ્દુલ રઝાક મેમણને આખરે નાગપુરની સેન્ટ્રલ જેલમાં ફાંસીના માંચડે લટકાવી દેવાયો હતો.યાકુબનો આ દિવસ જન્મ દિવસ હતો અને તેનો તે મરણ દિવસ પણ હતો.ફાંસી બાદ યાકુબના મૃતદેહને તેના સગાઓને અંતિમ વિધિ માટે લઇ જવાની છુટ આપવામાં આવી હતી.મુંબઇ ખાતે તેની દફનવિધિ કરવામાં આવી હતી.

યાકુબ મેમણની ફાંસી સાથે દેશના ઇતિહાસમાં સહુ પ્રથમ વાર રાત્રે ૨.૩૦ વાગ્યે સુપ્રીમ કોર્ટ ખોલવામાં આવી હતી.કોઇ કેસ પર સુનાવણી માટે મોડી રાત્રે સુપ્રીમ કોર્ટ ખુલી હોય તેવુ બન્યુ.યાકુબની ફાંસી અટકાવવાના તમામ માર્ગો બંધ થઇ જતાં પ્રશાંત ભુષણ,રાજુ રામચંદ્રન અને આનંદ ગ્રોવર જેવા ૧૨ દિગ્ગજ વકીલો રાત્રે ચીફ જસ્ટીસ એચ.એલ.દત્તુના નિવાસસ્થાને પહોચ્યા હતા.અને યાકુબની ફાંસી પર સ્ટે માંગ્યો હતો.આમ, દિપક મિશ્રાની અધ્યક્ષતામાં ત્રણ જજની બેન્ચની રચના કરાઇ હતી. અને રાત્રિના ૨.૩૦ વાગ્યે સુપ્રીમ કોર્ટ ખોલાઇ હતી. જેમાં કેન્દ્ર સરકાર તરફથી એટર્ની જનરલ મુકુલ રોહતગી ઉપસ્થિત રહ્યા હતા.યાકુબના વકીલોની દલીલો છતાં બેન્ચે ફાંસીનો નિર્ણય જાળવી રાખ્યો હતો.આમ સહુ પ્રથમ વાર દેશના ઇતિહાસમાં સુપ્રીમ કોર્ટના દરવાજા ખોલાયા હતા.

## યાકુબ મેમણની ફાંસીનો વિરોધ નોધાવ્યો હતો તેમણે બાબુ બજરંગી અને કોડનાનીને ફાંસીની સજાની માંગણી કરી હતી

એઆઇએએમઆઇએમના પ્રમુખ અસારુદીન ઓવેસીએ યાકુબ મેમણની ફાંસીનો વિરોધ નોધાવ્યો હતો. અને જણાવ્યું હતું કે આ યોગ્ય ન્યાય થયો નથી.મુંબઇ બ્લાસ્ટમાં માર્યા ગયેલાના દોષિતોને સજા થવી જોઇએ તે વાત સાચી પણ સાથે સાથે ગુજરાતના રમખાણોમાં દોષિત બાબુ બજરંગી,માયા કોડનાની,કર્નલ પુરોહિત, સાધ્વી પ્રજ્ઞાને પણ ફાંસીની સજા થવી જોઇએ.બિયંતસિંહના હત્યારાઓને જાતિના નામે બચાવવામાં આવી રહ્યા છે.આજ સ્થિતિ રાજીવ ગાંધીના હત્યારાઓની છે. બાબરી મસ્જીદ તોડી પાડનારાઓને પણ ફાંસી થવી જોઇએ.સુપ્રીમ કોર્ટના નિર્ણયથી તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. જો અન્ય કેસોમાં એમ થતું નથી.તો માત્ર આ કેસમાં જ કેમ. સરકારને એવી તે કેવી ઉતાવળ હતી કે ઝડપથી તેને ફાંસી આપી દેવાઇ.દેશમાં અન્ય કેટલાક વિદ્વાનોએ પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયની ટીકા કરી હતી.

## ભારતની લોકશાહી માટે દુ:ખદ દિવસ : પ્રશાંત ભુષણ

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભુષણે યાકુબની ફાંસી અંગે પોતાનો મત વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મારા મત પ્રમાણે આ દિવસ ભારતની લોકશાહી અને ન્યાયતંત્ર માટે એક દુ:ખદ દિવસ છે.અદાલતે મોડી રાત્રી સુધી હિયરીંગ કર્યુ પણ અંતે પરિણામ તો એ આવ્યું કે ન્યાય કચડાયો. સરકાર તેને ફાંસી આપવા માટે ઉતાવળી હતી. જેથી એવી પરિસ્થિતિ ઉભી થઇ કે યાકુબની દયા અરજીને રાજ્યપાલે ફગાવી દઇને તેને પડકારવાની પણ ના પાડી દેવામાં આવી.ફાંસીની સજા એ આ ન્યાયની વિધી વગર કોઇને મારી નાંખવાની માનસીકતા છતી કરે છે. અને આ પ્રકારની માનસિકતા સમાજને લોહી તરસ્યા બનાવી દેશે જે સમાજ માટે સારુ નથી.ઉલ્લેખનીય છે યાકુબ મેમણને અપાયેલી ફાંસી પર ૧૪ દિવસનો સ્ટે આપવાની માંગણી તેમણે કરી હતી.જો કે સુપ્રીમ કોર્ટે તેને સ્વીકારી નહોતી અને યાકુબને ફાંસી આપી દેવાઇ હતી.

સરકાર સામે ઉઠી રહેલા અનેક ગંભીર સવાલોનો સામનો કરવા માટે સરકારે આ ઉતાવળ કરી છે તેવું કેટલાક લોકોનું માનવું છે.

દેશના અનેક વિદ્વાન લોકો જેમાં ધારાશાસ્ત્રીઓ સામેલ છે તેમણે પણ આ પ્રકારે જે થયું તેનો વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના સીનીયર એડવોકેટ રામ જેઠમલાણીએ પણ વિરોધ કર્યો હતો. તેઓ ભાજપના નેતાઓ પૈકીના એક છે. ભાજપના અન્ય નેતાઓ પૈકી શત્રુઘ્નસિંહાએ પણ વિરોધ કર્યો હતો..

જયારે દેશભરમાંથી અનેક વિશિષ્ટ વ્યક્તિઓએ રાષ્ટ્રપતિને આ બાબતે એક આવેદન પત્ર રજુ કર્યું હતું. પરંતુ સરકારે આ બાબતે પોતાનો નિર્ણય મક્કમ બનાવી દીધો હતો જેથી તેઓ માત્ર એક જ ઉકેલ હતો અને તે ફાંસી. ફાંસીના વિરોધમાં સુપ્રીમ કોર્ટના ડેપ્યુટી રજીસ્ટારે ખોટુ થયાનું સમજીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપ્યાના પણ સમાચાર છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીના સબળ નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતમાં મહિલા સશક્તિકરણ અભિયાન બન્યું સફળ

## નારી શક્તિનુ સામર્થ્ય જોતરાયું

★ નારીશક્તિના શિક્ષણ, આરોગ્ય,પોષણ,કૌશલ્યવર્ધન અને આર્થિક સશક્તિકરણને વેગ આપતું જેન્ડર બજેટ બે વર્ષથી વર્ષ ૨૦૧૫ના જેન્ડર બજેટમાં કુલ ૫૯૩ યોજનાઓ પૈકી ૧૩૨ યોજનાઓ માત્ર મહિલાઓ માટે જ . રૂા.૨૦૭૬ કરોડની ફાળવણી

★ નવી ૫૦ નારી અદાલતોનું નિર્માણ. રાજયભરમા નારી અદાલતો શરુ કરવાનું આયોજન

★ નારી સુરક્ષા માટે પ્રશશ્ય પહેલ : ૧૮૧ અભયમ્ રાજયવ્યાપી મહિલા હેલ્પલાઈન

★ સુરક્ષા સેતુ યોજના હેઠળ ૩.૧૨,૧૦૩ મહિલાઓને સ્વરક્ષા તાલીમ

★ નિરાધાર વિધવા મહિલાઓને પુનઃસ્થાપન માટેની આર્થિક સહાય યોજના : ૧૮ થી ૪૦ વર્ષની વયજુથની વિધવા બહેનોને દર સામે રુ.૭૫૦ અને આધારિત બાળકની રુ. ૧૦૦ (બે બાળકોની મર્યાદામાં) પેન્શન

★ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોદના મહિલાઓને સામાજિક,આર્થિક,શૈક્ષણિક, અને કાનુની સમસ્યાઓ અંગે માર્ગદર્શન અને સહાય માટે વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો શરુ

★ મહિલા શક્તિઓને આર્થિક રીત સક્ષમ બનાવવા માટે, રાખી મેળા,નવરાત્રી મેળા,ખાદી, કુટિર ઉદ્યોગ ક્ષેત્રમાં રુ. ૧૦.૮૧ કરોડના મુલ્યની ચીજ વસ્તુઓનું વેચાણ

★ પોલીસ ભરતી સહિતની તમામ સરકારી ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામત

★ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા અનામત ૩૩ટકાથી વધારીને ૫૦ ટકા કરાઈ

★ રાજ્યમાં પ્રથમવાર મહિલા કૃષિ સંમેલન : મહિલા સંચાલિત ગ્રામ્ય દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ મહિલા પશુપાલકો માટે રુ.૪૦ કરોડનું ખાસ પેકેજ બલ્ક મિલ્ક કુલર મીલ્કીંગ મશીન,ગ્રાફટર તથા પશુ વીમા માટે સહાય

★ મહિલા સંચાલિત ગ્રામ્ય દુધ મંડળીઓને દુધઘર માટે રુ.૧ ના ટોકન દરે ૩૦૦ ચો.વાર સહકારી પડતર જમીન ૧૫ વર્ષના ભાડાપટ્ટે

★ ગુજરાતની દીકરી આઈએએસની પ્રિલીમિનરી પરીક્ષા પાસ કરે તો મેઈન પરીક્ષાની તૈયારી માટે રુ.૬૦,૦૦૦ અને ઈન્ટરવ્યુ માટે રુ. ૩૦,૦૦૦ની રોકડ સહાયની નવી યોજના.

★ વર્કિંગ વીમેન હોસ્ટેલ નોકરી કરતી મહિલાઓને રહેવા માટે અગવડતા ન પડે તે માટે સરકાર દ્વારા વર્કિંગ વુમન હોસ્ટેલ શરુ.

★ ગ્રામ્ય કક્ષાએ પાણી વિતરણ વ્યવસ્થામાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધારવા મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ યોજના.

★ મિશન મંગલમ્ યોદના : ૨૯,૧૪૬ નવા મહિલા સમુહોની રચના તેમજ તેમના સ્વાસ્થની તપાસ વર્ષ ૨૦૧૫-૧૬ માં ૨૦,૦૦૦ સખી મંડળોને વ્યાજ સહાય આપવાનું આયોજન.નેશનલ પેન્સન યોજનામાં સખી મંડળોની ૩ લાખ બહેનોનો સમાવેશ

**ગુજરાત રાજ્યમાં મહિલા સશક્તિકરણ પખવાડીયની અનોખી ઉજવણી**

**સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધરે અને તેમને ગૌરવમય જીવન પ્રાપ્ત થાય તે માટે ત્રણ બાબતો મહત્વની છે.**

**મહિલાઓનું આર્થિક સશક્તિકરણ,સુરક્ષા અને સ્વાસ્થ**

શ્રીમતી આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી

# સૌને પ્રભાવિત કરવાના ઊધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીનો સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત

અનુ. પાન નં. ૨ ઉપર



# ફિલ્મ અને ટેલીવીઝન ઇન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓને રાહુલ ગાંધી મળ્યા

પુના ખાતે આવેલ ફિલ્મ અને ટેલીવીઝન ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓ દ્વારા ચલાવાઈ રહેલા આંદોલનને પોતાની હમદર્દી બતાવતાં રાહુલ ગાંધી આ વિદ્યાર્થીઓને મળ્યા હતા. બે મહિનાથી ચાલી રહેલા આ આંદોલનની મુખ્ય બાબત એફટીઆઈઆઈના અધ્યક્ષ પદે ભાજપે ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તિ કરી છે તે વિદ્યાર્થીઓને માન્ય નથી. ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઈન્સ્ટીટ્યુટના કલાસ ભરવાના આ મુદ્દે છોડી દીધા છે.કેટલાક વિદ્યાર્થીઓએ કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને આ બાબતે દરમિયાનગીરી કરવા માટે કહ્યું હતું.વિદ્યાર્થીઓ યુનીયન ઈન્ફોરમેશન અને બ્રોડકાસ્ટીંગ મીનીસ્ટર અરુણ જેટલીને પણ મળ્યા હતા.

બીજેપી એ કોગ્રેસના ઉપાધ્યક્ષને આ મુદાને રાજકીય રંગ આપવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેવું જણાવ્યું હતું.જ્યારે રાહુલ ગાંધીની માત્ર ફિલ્મ ઈન્સ્ટીટ્યુટની મુલાકાત માત્ર એક રાજકીય ઈસ્યુ ઉભો કરવાનો ઈરાદો માત્ર છે.જ્યારે વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે બીજેપી તેના માણસની નિમણુંક કરીને રાજકીય હિત સાધવાનો પ્રયત્ન કરી રહી છે.એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે અમોએ ૫૦ સભ્યોને પત્ર લખ્યા છે પરંતુ કોઈનો જવાબ આવ્યો નથી.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |


## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨





**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.